**કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણોને અનુલક્ષીને રાજય સરકારના કર્મચારીઓના ભથ્થાં, તફાવતની રકમની ચૂકવણી અને પગાર વિસંગતતા વિગેરે બાબતોની વિચારણા કરવા મંત્રીમંડળની પેટા સમિતિની પુનઃ રચના કરવા બાબત**

ગુજરાત સરકાર

નાણા વિભાગ

**સરકારી ઠરાવ ક્રમાંક: પગર/૧૦/૨૦૧૬/ઓ.૪૭૭/૨૦/પગાર એકમ**

સચિવાલય, ગાંધીનગર

**તા.૦૭/૦૬/૨૦૧૮**

**વંચાણે લીધા :**

(૧) નાણા વિભાગનો તા.૧૬/૦૮/૨૦૧૬ નો સરકારી ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/૧/પગાર એકમ

(૨) નાણા વિભાગનો તા.૧૦/૧૦/૨૦૧૬ નો સરકારી ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/૪/પગાર એકમ

**આમુખ :**

કેન્દ્રીય **સાતમા પગાર પંચ**ની ભલામણો સંદર્ભે રાજયના સરકારી કર્મચારીઓ અને પંચાયતના કર્મચારીઓની "સ્કેલ ટુ સ્કેલ"ને ધોરણે પગાર સુધારણા મંજૂર કરવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ છે અને તે સંદર્ભે નાણા વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના ઠરાવથી હુકમો કરવામાં આવેલ છે.

સાતમા કેન્દ્રિય પગાર પંચની જુદા જુદા ભથ્થાઓ અંગેની ભલામણો સંદર્ભે વિચારણા કરવા અને રાજય સરકારના કર્મચારીઓના ભથ્થા, તફાવતની રકમની ચૂકવણી અને પગાર વિસંગતતા વગેરે આનુષાંગિક બાબતો સંદર્ભે વિચારણા કરવા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના ઠરાવથી **"મંત્રીમંડળની પેટા સમિતિ"** ની રચના કરવામાં આવેલ હતી.

ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૧૭ બાદ નવી સરકારની રચના થતા રાજ્ય સરકારના કર્મચારીઓના ભથ્થા, તફાવતની રકમની ચૂકવણી અને પગાર વિસંગતતા વિગેરે આનુષાંગિક બાબતો સંદર્ભે વિચારણા કરવા તા.૧૦/૧૦/૨૦૧૬ ના ઠરાવથી રચાયેલ **"મંત્રીમંડળની પેટા સમિતિ"** ની પુનઃ રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ

ઉપરોક્ત બાબતમાં સઘન વિચારણાને અંતે **"મંત્રીમંડળની પેટા સમિતિ"**ની નીચે મુજબ પુનઃ રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (મંત્રીશ્રી-નાણા) | અધ્યક્ષશ્રી |
| (૨) | માન. મંત્રીશ્રી, શિક્ષણ | સભ્યશ્રી |
| (૩) | માન. મંત્રીશ્રી, મહેસૂલ | સભ્યશ્રી |
| (૪) | માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, ગૃહ | સભ્યશ્રી |
| (૫) | માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, જળસંપત્તિ | સભ્યશ્રી |
| (૬) | માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, પંચાયત | સભ્યશ્રી |

(પાછળ)

આ સમિતિના સભ્ય સચિવ તરીકે સચિવશ્રી (આર્થિક બાબતો ), નાણા વિભાગ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,
* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,
માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુલન, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીઓ
હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,
નિરીક્ષકશ્રી. સ્થાનિક હિસાબ ભંડોળ, ગાંધીનગર,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
સર્વે માન્ય કર્મચારી મંડળો
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ
પસંદગી ફાઈલ નાણા વિભાગ–મ, ચ, પેન્શન અને ઝ શાખા
* પત્ર દ્વારા